# ખાટલે ખોડ : અરવલ્લી જિલ્લામાં કોરોનાની વિસ્ફોટક સ્થિતિ, છ વર્ષથી ૪ આરોગ્ય અધિકારીઓની જગ્યા ખાલી

## ઈન્ચાર્જના સહારે ચાલતી આરોગ્ય સેવાઓ, જેના કારણે પ્રજાનું આરોગ્ય કથળી રહ્યું છે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪

નવરચિત અરવલ્લી જિલ્લામાં કોરોનાની બીજી લહેરમાં વિસ્ફોટક સ્થિતિ સામે આવી છે. મોડાસા-બાયડ તાલુકામાં જ કોરોના સંક્રમિત ૬૦૦ થી વધુ કેસ હોવાની આશંકા છે. ભલે આરોગ્ય તંત્રના દફતરે જૂજ કેસ દર્શાવાતા હોય ત્યારે બહાર આવતી વિગતો અનુસાર અરવલ્લી જિલ્લામાં છેલ્લા છ વર્ષથી આરોગ્ય વિભાગના ૪ મુખ્ય આરોગ્ય અધિકારીઓની જગ્યા ખાલી છે અને ઈન્ચાર્જના સહારે આરોગ્ય સેવાઓનો લાભ પ્રજાને મળ્યો છે જેના કારણે પણ પ્રજાનું આરોગ્ય કથળી રહ્યું છે. રાજ્ય સરકાર અને તેનો આરોગ્ય વિભાગ અરવલ્લી જિલ્લામાં આરોગ્ય વિભાગના અધિકારીઓની ખાલી જગ્યાઓ સત્વરે અધિકારીઓની નિમણૂંક કરે તેવું આરોગ્ય કર્મચારીઓ અને પ્રજા ઈચ્છી રહી છે.

અરવલ્લી જિલ્લો ડેન્ગ્યુ, ઝેરી મેલેરીયા, સ્વાઈનફ્લુ, હિપેટાઈટીસ-બી. વગેરેના રોગથી પ્રભાવિત રહેલો છે. પરંતુ આશ્ચર્ય વચ્ચે અરવલ્લી જિલ્લામાં પંચાયત અસ્તિત્વમાં આવ્યા પછી છેલ્લા ૬ વર્ષથી એ.ડી.એચ.ઓ., આર.સી.એચ.ઓ., જિલ્લા મેલેરીયા અધિકારી, જિલ્લા ટી.બી. ઓફીસર વગેરેની મહત્વની જગ્યાઓ ખાલી રાખવામાં આવી છે અને માત્ર ઈન્ચાર્જના સહારે કામગીરી ચલાવાતાં આરોગ્ય સેવાઓને અતિગંભીર અસર પહોંચી છે. ઈન્ચાર્જનું કામ ઈન્ચાર્જ જેવું હોય કારણ કે આ તો વધારાની જવાબદારીનો બોજ છે તેમ સમજી ઈન્ચાર્જ યોગ્ય કામગીરી કરતા નથી જેના કારણે ફિલ્ડવર્ક કરતા આરોગ્ય કર્મચારીઓને પ્રજાનો ગુસ્સો સહન કરવાનો વારો આવતો હોય છે. અરવલ્લી જિલ્લામાં છેલ્લા ૧૫ દિવસમાં કોરોના વિસ્ફોટની સ્થિતિ છે. આ સંજોગોમાં છ વર્ષથી આરોગ્ય અધિકારીઓની ૪ જગ્યાઓ ખાલી છે તેના ઉપર અધિકારીઓની નિયુક્તિ કરવામાં આવે તો જ આરોગ્ય સેવાઓમાં સુધાર આવશે અન્યથા પ્રજાને તો ઈન્ચાર્જના સહારે જ કથળેલી આરોગ્ય સેવાઓનો મજબૂરીથી લાભ લેવા સિવાય કોઈ આરો નથી.

### કયા અધિકારીઓની જગ્યા ખાલી..

એ.ડી.એચ.ઓ.
આર.સી.એચ.ઓ.
ડી.એમ.ઓ.
ડી.ટી.ઓ.

### સ્થિતિ વણસી : સાબરકાંઠામાં વધુ ૧૫ કોરોના પોઝિટિવ કેસ..

બાયડ : અરવલ્લી જિલ્લાની જેમ સાબરકાંઠા જિલ્લામાં પણ કોરોના વિસ્ફોટ જોવા મળી રહ્યો છે. શનિવારે જિલ્લામાં વધુ ૧૫ પોઝિટિવ કેસ સામે આવતાં આરોગ્ય તંત્રની ઉંઘ હરામ થઈ ગઈ છે. જિલ્લાના ખેડબ્રહ્મા, ઈડર, હિંમતનગર સહિતના વિસ્તારોમાં કોરોના બેકાબુ બનતાં ખાનગી હોસ્પિટલોમાં બેડ ખૂટી પડે તેવી દહેશત છે. ગત રોજ પાછલા ૧૨ કલાક દરમ્યાન હિંમતનગરની શાંતિનગર, પુષ્પાંજલી સોસાયટી, સંકલ્પ ટેનામેન્ટ, પાર્થ, અશ્વમેઘ, મનસૂરી, અંબિકા, મારૂતિનગર, અંબર સિનેમા નજીકના પોલોગ્રાઉન્ડ વિસ્તારમાં કોરોના પોઝિટિવ કેસ સામે આવ્યા છે. પ્રાંતિજના રામપુરા, સોનાસણ, નાનીભાગોળ, ઈડરના બડોલી, લેઈ અને બોલુન્દ્રામાં પણ પોઝિટિવ કેસ સામે આવતાં અતિગંભીર ન હોય તેવા દર્દીઓને હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે.

# રાકેશ ટિકૈતની સભા પહેલા કાળા વાવટા ફરક્યા

## સમર્થકો અને વિરોધીઓ વચ્ચે ઘર્ષણ : ગુજરાતમાં તેઓ જ્યારે પ્રવેશ્યા ત્યારે હળ આપીને ખેડૂત સંગઠનો દ્વારા તેમનું ઉમળકા ભેર સ્વાગત કરવામાં આવ્યું





પાલનપુર, તા.૪

સમગ્ર દેશમાં ચાલી રહેલા ખેડૂત આંદોલનનાં મુખ્ય નેતા રાકેઠ ટિકેટ હાલ ગુજરાતનાં પ્રવાસે છે. આબુથી તેઓ પાલનપુર ખાતે આવ્યા હતા. ગુજરાતના ખેડૂતોમાં જાગૃતિ લાવવા માટે તેઓ અહીં ખેડૂત સંગઠનો સાથે બેઠક કરવાનાં હતા.

ગુજરાતમાં તેઓ જયારે પ્રવેશ્યા ત્યારે હળ આપીને ખેડૂત સંગઠનો દ્વારા તેમનું ઉમળકા ભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. ખેડૂત આંદોલન હાલ સરકાર વિરુદ્ધમાં છે. વડાપ્રધાન ગુજરાતનાં હોવાના કારણે ગુજરાતી ખેડૂતો જો વિરોધ કરે તો વધારે દબાણ લાવી શકાય તેવા આશયથી તેઓ ગુજરાતના ખેડૂત સંગઠનો સાથે બેઠક કરવા માટે ગુજરાત આવ્યા છે. રાકેશ ટિકેટ જો કે ગુજરાતમાં પાલનપુર ખાતે પહોંચ્યા ત્યારે તેમનું કેટલાક લોકોએ કાળા વાવટા ફરકાવીને વિરોધ કરતા ચકચાર મચી ગઈ હતી. ત્યાર બાદ ટિકૈત અને વાવટા ફરકાવનારા લોકો વચ્ચે ઘર્ષણ થયું હતું. જેના પગલે પોલીસ દ્વારા કાળા વાવટા ફરકાવનારા લોકોની અટકાયત કરી લેવામાં આવી છે. જો કે કાળા વાવટા ફરકાવનારા લોકો પૈકી ૨ લોકોની પોલીસ દ્વારા અટકાયત કરી લેવામાં આવી છે. અત્રે નોંધનીય છે કે, ટિકૈતની સાથે શંકરસિંહ વાઘેલા પણ હાજર રહેવાના છે. જો કે આ રેલીમાં ઉડીને આંખે વળગે તેવી બાબત છે કે, ખુબ જ પાંખી સંખ્યામાં ખેડૂતો આ સભામાં હાજર છે. ખેડૂતો કરતા કોંગ્રેસી કાર્યકરો વધારે પ્રમાણમાં હાજર છે. કોંગ્રેસ દ્વારા રાકેશ ટિકૈતની ગુજરાત યાત્રાને સમર્થન આપવામાં આવ્યું છે. જો કે સભામાં અચાનક ધસી આવેલા લોકોએ જય શ્રી રામના નારાઓ સાથે કાળા વાવટા ફરકાવ્યા હતા. જેના પગલે ટિકૈતના સમર્થકો અને કાળા વાવટા ફરકાવનારા લોકો વચ્ચે ઘર્ષણ થયું હતું. પોલીસ દ્વારા ૨ લોકોની અટકાયત કરી લેવામાં આવી છે.

# વડોદરામાં રસી ખૂટી પડતા રસીકરણની પ્રક્રિયા ખોરવાઈ

વડોદરા, તા.૪

વડોદરા શહેરમાં કોરોનાની રસી ખૂટી પડતા રવિવારે રસીકરણની પ્રક્રિયા સંપૂર્ણ પણે ખોરવાઈ હતી. જેના કારણે રવિવારના રોજ રસીકરણ અભિયાન મોકૂફ રાખવાની ફરજ પડી હતી. આજે રસીકરણ પ્રક્રિયા બંધ હોવાના કારણે અસંખ્ય નાગરિકો લાભથી વંચિત રહ્યા હતા. વડોદરા શહેરમાં કોરોના વાઈરસ ત્રીસ હજારનો આંકડો વટાવવાની તૈયારીમાં છે.

રોજ કોરોનાના ૩૦૦ થી વધુ પોઝિટિવ કેસ નોંધાઈ રહયા છે, ત્યારે તંત્રના તમામ આરોગ્ય કેન્દ્ર પર ટેસ્ટિંગ માટે લોકોની લાંબી કતારો રોજે રોજ જોવા મળી રહી છે. શહેરની હાલની સ્થિતિ જોતા રસીકરણ પ્રક્રિયા અનિવાર્ય બની છે, તેવામાં સરકાર દ્વારા અપાયેલા લક્ષ્યાંકને પૂરું કરવાના ચક્કરમાં વડોદરાના વહીવટી તંત્રએ સ્વૈચ્છિક સંગઠનોની મદદથી આડેધડ કેમ્પનું આયોજન કરતા રજિસ્ટ્રેશન વધી ગયું હતું. જેના પગલે રસી ખૂટી પડતા અનેક કેમ્પોમાં માણસો તો હતા પરંતુ રસી નહોતી તેવી સ્થિતી સર્જાઈ હતી. જ્યારે અનેક સ્થળે કેમ્પો રદ કરવાની ફરજ પડી હતી. મહત્વનું છે કે, સરકાર દ્વારા વધુમાં વધુ લોકો સુધી રસીનો લાભ પહોંચે તેવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે, પરંતુ શહેરના વહીવટી તંત્ર દ્વારા સરકારને ખુશ કરવા માટે કેટલીક સંસ્થાઓની મદદથી રવિવારના રોજ આડેધડ કેમ્પનું આયોજન કરી દેવામાં આવ્યું હતું.

જેમાં મોટી સંખ્યામાં નાગરીકોએ નોંધણી કરાવી દેતા તંત્રને પોતાની પાસે રસીનો પૂરતો સ્ટોક ન હોવાનું ભાન થયું હતું. જેના કારણે તાત્કાલિક ધોરણે રસીકરણ પ્રક્રિયા મોકૂફ રાખવાની ફરજ પડી હતી. ઉલ્લેખનીય છે કે, કેન્દ્ર સરકાર દ્વારા જાહેર રજાના દિવસે પણ રસીકરણની પ્રક્રિયા ચાલુ રાખવાની સૂચના આપવામાં આવી છે ત્યારે વડોદરા પાલિકાના અણઘડ વહીવટના કારણે આજે સમગ્ર શહેરમાં રસીકરણ પ્રક્રિયા સંપૂર્ણ પણે ઠપ થઈ ગઈ હતી. જેના કારણે અસંખ્ય લાભાર્થીઓ રસી મુકાવવા થી વંચિત રહ્યા હતા.

## સમાચાર રફ્તાર

- મહારાષ્ટ્રમાં શનિવાર-રવિવારે લોકડાઉન રહેશે.
- છત્તીસગઢમાં નકસલી હુમલાના પગલે ગૃહમંત્રી અમિત શાહે આસામનો ચૂંટણી પ્રવાસ ટુંકાવ્યો.
- બોલીવુડ અભિનેત્રી શશીકલાનું જૈફવયે નિધન.
- કોરોનાના કેસ વધતાં આઈપીએલ ક્રિકેટ મેચ દર્શકો વિના રમાશે.
- જાણિતા અભિનેતાઓ સર્વશ્રી અક્ષયકુમાર અને ગોવિંદા બન્ને કોરોનાથી સંક્રમિત.
- પાટણના સાંસદ ભરતસિંહ ડાભી કોરોનાથી સંક્રમિત.
- ખેડૂત નેતા રાકેશ ટિકૈતની મુલાકાત સમયે પાલનપુરમાં કાળો વાવટો બતાવી વિરોધ કરનારને ટોળાએ માર્યો.
- વાંકાનેર રાજવી અને પૂર્વ કેન્દ્રીય મંત્રી દિગ્વીજયસિંહ ઝાલાનું અવસાન.
- વિશ્વમાં ૬૫ કરોડ લોકોએ વેક્સીન લીધી.
- ભારતના લાખો ફેસબુક વપરાશકર્તા સહિત ૫૩ કરોડના અંગત ડેટા લીક થયા.
- કેન્દ્રીય ટીમને તાત્કાલિક મહારાષ્ટ્રની મુલાકાત લેવા પ્રધાનમંત્રીની સૂચના.
- મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ ભાજપના નેતા દેવેન્દ્ર ફડનવીસને લોકડાઉન માટે સહયોગ આપવા ફોન પર વાતચીત કરી છે.

# બાયડ પાલિકાને લૂંટતો ભૂગર્ભ ગટર સફાઈનો કોન્ટ્રાક્ટર, દર મહિને ૩.૭૮ લાખ ખંખેરવાનો ખેલ

## ભૂગર્ભ ગટર સફાઈની ખાડે ગયેલી કામગીરીથી નગરજનોમાં પ્રચંડ રોષ, ટેન્ડરની શરત પ્રમાણે કામ થતું નથી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪

બાયડ પાલિકાને ભૂગર્ભ ગટર સફાઈનો કોન્ટ્રાક્ટર છેલ્લા ૨ મહિનાથી લૂંટતો હોવાની સનસનીખેજ વિગતો સામે આવી છે. કોન્ટ્રાક્ટરને બાયડ પાલિકા વિસ્તારમાં ભૂગર્ભ ગટર, ડ્રેનેજ લાઈન, મેઈન હોલ ડીસીલ્ટીંગ તેમજ ભૂગર્ભ ગટર પંપીંગ સ્ટેશનોની ઈલેક્ટ્રીક સબમર્સિબલ મોટરો મશીનરી તથા જરૂરી માલસામાન સાથે દર મહિને રૂા.૩,૭૮,૦૦૦ ચૂકવવા અને



ભૂગર્ભ ગટરની સફાઈ કરવાનો બાયડ પાલિકાએ ડિસેમ્બર-૨૦૨૦ થી કોન્ટ્રાક્ટ આપ્યો છે પરંતુ ભૂગર્ભ ગટર સફાઈના કોન્ટ્રાક્ટર પાસે નિયત કરાયેલો સ્ટાફ તેમજ સામગ્રી નથી અને દર મહિને રૂા.૩.૭૮ લાખ ખંખેરવાનો ખેલ સામે આવ્યો છે. ભૂગર્ભ ગટરની ખાડે ગયેલી કામગીરીથી નગરજનોમાં પ્રચંડ રોષ ભભૂક્યો છે. ગત મહિનાનું બીલ અટકાવવાની ચીફ ઓફીસરને સૂચના આપવામાં આવી છે ત્યારે સવાલ એ થાય છે કે સામાન્ય અરજદારનું કામ હોય તો પાલિકાના કર્મચારી અને ચીફ ઓફીસર તમામ દસ્તાવેજો ચકાસીને જરૂરી દાખલા આપતા હોય છે ત્યારે છેલ્લા ૨ મહિનાથી પૂરતી સામગ્રી વગર પાલિકા પાસેથી દર મહિને લાખો રૂપિયા ખંખેરતા ભૂગર્ભ ગટર કોન્ટ્રાક્ટર યોગ્ય સામગ્રી સાથે કામ કરે છે કે કેમ..?? તે જોવાની કેમ કોઈએ તસ્દી ન લીધી. ભ્રષ્ટાચારમાં અગાઉ કોઈની ભાગીદારી હતી કે કેમ..?? તેની તપાસ થવી જોઈએ તેવો પણ સાર્વત્રિક સૂર સામે આવ્યો છે.

બાયડ પાલિકામાં વ્યાપેલા ભ્રષ્ટાચારથી ત્રાસેલા મતદારોએ તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં બમ્પર મતદાન કરી હરીફોનાં સૂપડાં સાફ કરી નાખ્યાં હતાં અને ભાજપને સત્તા સાંપી છે ત્યારે બહાર આવતી વિગતો અનુસાર બાયડ પાલિકાના તમામ વિસ્તારોને આવરી લેતી ભૂગર્ભ ગટર યોજના અમલી બની છે પરંતુ છેલ્લા કેટલાય સમયથી ભૂગર્ભ ગટર ઉભરાતાં માથું ફાડી નાખે તેવી દુર્ગંધના કારણે સોસાયટી, ગામ ઉપરાંત અરજણવાવ અને સુંદરપુરાના રહીશો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. ભૂગર્ભ ગટર સફાઈનો કોન્ટ્રાક્ટ લેનારાઓએ જાણે કે મીલીભગત કરી હોય તેમ માત્ર દેખાડા પૂરતી કામગીરી કરી હતી. ટેન્ડરની શરતો મુજબ કામગીરી થઈ ન હોવાની વિગતો સામે આવી છે. મળેલ જાણકારી અનુસાર બાયડ પાલિકા દ્વારા પ્રાંતિજના બોભાના મહાકાળી કોર્પોરેશનને ડિસેમ્બર-૨૦૨૦માં ભૂગર્ભ ગટર તેમજ પંપીંગ સ્ટેશનોની મરામત માટે રૂા.૩.૭૮ લાખ દર મહિને ચૂકવવાનું ટેન્ડર આપવામાં આવ્યું હતું. જેમાં ડ્રેનેજ લાઈન સફાઈ મશીન, ગલીએમ્પ્ટીયર, સળીયા, વાંકીયું, પાટા, ઓક્સિજન માસ્ક સીલેન્ડર, ગ્રેબબકેટ, હાઈડ્રોલીક ગ્રેબબકેટ, ૫ એચ.પી. ફાઈટર, સીલ્ટ ઉપાડીને લઈ જવાની રીક્ષા, લીટમસ પેપર, કપૂરની ગોટી, સાબુ સહિતની સામગ્રી સાથે રાખીને સફાઈ કરવાની હોય છે પરંતુ માત્ર દેખાડા પૂરતી ટેકનિકલ સ્ટાફ વગર ગટરની સફાઈ કરી હતી આ તમામ વિગતોનો પર્દાફાશ થયો છે. બાયડ પાલિકાના નવા સત્તાધિશો કોન્ટ્રાક્ટર સામે કડકાઈ દાખવી દાખલારૂપ કાર્યવાહી કરે તેવી ત્રાસેલા નગરજનોએ માંગ કરી છે. જ્યારે ટેન્ડરની શરત પ્રમાણે કામ ન થયું છતાં ડિસેમ્બર-જાન્યુઆરીનું પેમેન્ટ કેમ ચૂકવાયું..?? કેટલાક કોન્ટ્રાક્ટરોને પણ બીલ રજૂ કર્યાના બીજા દિવસે જ ચૂકવણાં થયાની વિગતો પણ બહાર આવી છે.

### યોગ્ય રીતે સફાઈ થતી નથી : રહીશો

બાયડ પાલિકા ભૂગર્ભ ગટરની સફાઈ માટે દર મહિને રૂા.૩.૭૮ લાખથી વધુનો ખર્ચ કરી રહી છે છતાં સફાઈના નામે મીંડું છે. બાયડની વલ્લભનગર, હેર વિસ્તાર, વિવેકાનંદ, પંચવટી, સ્વામિનારાયણ સોસાયટી, શ્રીજી સોસાયટી, લાખેશ્વરી વિસ્તાર અને નિલકંઠ સોસાયટીના રહીશોએ જણાવ્યું કે ભૂગર્ભ ગટરની સફાઈ થતી નથી. પાલિકામાં ફરિયાદ આપીએ તો પણ કોન્ટ્રાક્ટર આવતો નથી અને ક્યારેક આવે તો માત્ર ગંદુ પાણી ખેંચીને રવાના થઈ જાય છે. માત્ર ૨ વ્યક્તિ અને તેમાં એક ડ્રાઈવર અને એક સ્વીપરનો જ સ્ટાફ રાખ્યો છે જેથી ભૂગર્ભ ગટર સફાઈના કોન્ટ્રાક્ટમાં ભ્રષ્ટાચાર આદરાયો હોય તો ભાજપના સત્તાધિશોએ તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરવી જોઈએ તેવો સૂર વ્યક્ત કર્યો છે.

### પ્રેશર પાઈપ ૨ મહિનાથી બંધ..

બાયડ પાલિકાની ભૂગર્ભ ગટર સફાઈ કરતા કોન્ટ્રાક્ટરે પાલિકાના સત્તાધિશોથી માંડી સરકારી બાબુઓને છેલ્લા ૨ મહિનાથી મૂર્ખ બનાવ્યા છે. ભૂગર્ભ ગટરની મેઈન હોલની સફાઈ પછી તેને યોગ્ય પ્રેશરથી પાણી નાખી સાફ કરવાની હોય છે પરંતુ છેલ્લા ૨ મહિનાથી પ્રેશર પાઈપ ન હોવાનું બહાર આવ્યું છે. કોન્ટ્રાક્ટર હું આજે પ્રેશર પાઈપ લઈને આવું છું તેવા વારંવાર વાયદા કરતો હોવાનું ડ્રાઈવરે જણાવ્યું છે.

# ૧૪ લાખ રૂપિયા ભરેલી બેગ માલિકને પરત કરી

અમદાવાદ, તા.૪

સામાન્ય રીતે વર્તમાન સમયમાં લોકોની એવી માન્યતા હોય છે કે કળીયુગમાં ઈમાનદાર માણસો મળવા મુશ્કેલ છે. જો કે આ માન્યતા ને ખોટી સાબિત કરતો કિસ્સો શહેરના સેટેલાઈટ વિસ્તારમાં સામે આવ્યો છે. ફ્લેટના ચોકીદારને રૂપિયા ૧૪ લાખ રોકડા ભરેલી બેગ મળી આવી તો તેમણે આ બેગને સાચવી રાખી અને ૪ દિવસ બાદ મૂળ માલિકને સહી સલામત પરત કરી. અમદાવાદમાં સેટેલાઈટ વિસ્તારમાં આવેલ શ્યામ શિખર એપાર્ટમેન્ટમાં રહેતા નરેન્દ્રસિંહના સગાનું અવસાન થતાં પરિવાર સાથે ઈન્દોર જવા રવાના થયા હતા. જો કે સગાના અવસાન ના આઘાત માં તેઓ રૂપિયા ભરેલ બેગ ગાડીમાં મૂકવાનું ભૂલી ગયા હતા. અને ઈન્દોર પહોંચ્યા બાદ બેગ ના મળતા તેમના પર આભ તુટી પડ્યું હતું. અંતે તેમણે ફ્લેટમાં ચોકીદારને ફોન કરી બેગ અંગે કોઈ જાણ હોવાનુ પૂછ્યું હતું. ત્યારે તેઓ ને રાહતનો શ્વાસ મળ્યો હતો. કારણ કે બેગ ફ્લેટના ચોકીદાર ને મળતા તેમને સલામત રીતે મૂકી હોવાનુ જાણવા મળ્યું હતું. જો કે ચારેક દિવસ બાદ પરત ફર્યા બાદ નરેન્દ્રસિંહને ચોકીદાર એ બેગ પરત કરી હતી. આમ સજ્જન માણસ ક્યારેય કોઈ પણ પરિસ્થિતિમાં પોતાની સજ્જનતા ગુમાવતો ના હોવાનુ આ એક ઉત્તમ ઉદાહરણ છે. જે એક સામાન્ય ચોકીદારએ પૂરું પાડ્યું છે. ઉલ્લેખનીય છે કે ચોકીદારી કરીને બે ટંકની રોજીરોટી કમાનાર વ્યક્તિ સામે લાકો ભરેલી બેગ હોવા છતાં પણે તેનું મન લાલચમાં પીગળ્યું નહીં. આવા ચોકીદારોને લાખ લાખ સલામ તો ચોક્કસ બને.

# મામલતદાર-ડી.વાય.એસ.પી. એક બીજાને જવાબદારીની ટોપી ઓઢાડી રવાના

## મહેસાણાના મામલતદારે ઓચિંતી મુલાકાત લીધી, કાયદો અને વ્યવસ્થાની તપાસ માટે આવ્યા હોવાનું જણાવ્યું હતું

અમદાવાદ,તા.૩

મહેસાણા તાલુકાના છઠીયારડા ગામે રહેતા મહંત સપ્ત શુંલ ઉર્ફે રાજુ ભાઈ જેમણે વર્ષ ૨૦૧૮માં વાડજ ખાતે સંતવાણી કાર્યક્રમમાં એક જાહેરાત કરી હતી. જેમાં ૪ - ૪- ૨૦૨૧ ના રોજ તેઓ તેમના આશ્રમ છઠીયારડા ખાતે રાત્રીના ભજનસંધ્યા કાર્યક્રમમાં સમાધિ (સહજ સુન સમાધિ) લેશે. સમાધિમાં સ્ટેજ ઉપર બેઠા-બેઠા દેહ ત્યાગ કરી દેવાનો દાવો કરવામાં આવ્યો છે. સત્ય સંશોધન કેન્દ્ર કબીર ધામના મહંતે અગાઉ આ જાહેરાત કરી હતી. જેને લઈ તેમના અનુયાયીઓ તેમાં આશ્રમ ખાતે પહોંચી રહ્યા છે. તો સંતવાણીના કાર્યક્રમની તૈયારીઓ પણ કરવામાં આવી રહી છે. તો તા. ૪-૪ ૨૦૨૧ સંતવાણી કાર્યક્રમ દરમ્યાન રાત્રીના ૧૦ થી ૧૧ દરમ્યાન સહજ સુન સમાધી લેવાની વાતને લઈ સમગ્ર પંથકમાં ઉત્સુકતા ઉભી થવા પામી છે. તો સાથે તેમના સેવકોમાં પણ એક પ્રકારની દુઃખ ની લાગણી જોવા મળી રહી છે. તો બીજી તરફ કોરોના કાળમાં આટલા મોટા પ્રમાણમાં લોકોના એકત્ર થવું ખાસ કરીને મહાનગરોમાંથી પણ લોકો આવી રહ્યા છે ત્યારે ગ્રામ્ય વિસ્તારમાં કોરોના ફેલાય તેવી શક્યતા છે. જો કે આ મુદ્દાની ગંભીરતા તંત્ર ન સમજી રહ્યું હોય તેવી સ્થિતી પેદા થઈ છે. તંત્રના અધિકારીઓ જવાબદારીની ટોપી એકબીજાને ઓઢાડી રહ્યા છે. મહેસાણાના મામલતદાર એન.સી રાજગોરે સ્થળની ઓચિંતી મુલાકાત લીધી હતી. કાયદો અને વ્યવસ્થાની તપાસ માટે આવ્યા હોવાનું તેમણે નિવેદન આપ્યું હતું. જો કે આટલા મોટા પ્રમાણમાં લોકો એકત્ર થઈ રહ્યા છે અને કોરોના ગાઈડ લાઈનનું પાલન નથી થઈ રહ્યું તેવું પુછાતા તેમણે હાથ ઉચા કરી દીધા હતા. તેમણે કહ્યું કે, આ જવાબદારી પોલીસ તંત્રની છે અમારી નથી. પોલીસ તંત્ર આ અંગે કાર્યવાહી કરવામાં આવી શકે. તો બીજી તરફ પોલીસની ભુમિકા અંગે પણ સવાલો ઉઠી રહ્યા છે. પોલીસની ખુબ જ પાંખી હાજરી જોવા મળી રહ્યા છે. મીડિયામાં આ અંગે પ્રતિક્રિયા આપતા ડીવાયએસપી પણ રવાના થઈ ગયા હતા. ડીવાય એસપી ભક્તિ બા ઠાકરે પણ સ્થળ મુલાકાત લઈને રવાના થયા હતા. આ ઉપરાંત કોઈ ઉચ્ચ અધિકારી હાજર નહી હોવાના કારણે ગુજરાત પોલીસના જવાનો પણ બેફિકર બનીને અહીં તહીં ટહેલી રહ્યા છે. સત્સંગ સ્થળે લોકો એકઠા ન કરવા દેવાનો દાવો પોકળ સાબિત થયો છે.

### વધુ ૬૫ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ડિસ્ટન્સીંગના અમલ માટે કડક તાકીદ આપી છે. આ ઉપરાંત ટેસ્ટીંગ અને ટ્રેસીંગ કોન્ટેક્ટ વધુને વધુ આઈડેન્ટીફાય કરવા માટેની સૂચનાઓ પણ આપી છે. ગાંધીનગર તાલુકાના સરઢવ ગામેથી બે કેસ, દશેલામાંથી ૩ કેસ, માધવગઢ, સાદરા, કોબા, રાંધેજા, અડાલજમાંથી એક-એક કેસ, ભાટમાંથી બે કેસ, કુડાસણમાંથી ૪ કેસ, રાયસણ અને પેથાપુરમાંથી એક-એક કેસ તેમજ સરગાસણમાંથી ૭ કેસ મળી આવેલ છે. સરગાસણ, રાયસણ, કુડાસણ કોરોના માટે સંવેદનશીલ વિસ્તારો છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કન્ટેનમેન્ટ ઝોનની સંખ્યામાં પણ વધારો થયો છે. હાલ ગ્રામ્ય વિસ્તારમાં ૨૦૦થી વધુ કન્ટેનમેન્ટ ઝોન છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૨૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં ૪૪૨૮ દર્દીઓ અત્યાર સુધીમાં કોરોનામુક્ત થયા છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૮૧ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૧૯૨૮ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

ગ્રામ્ય વિસ્તારમાં હોમ આઈસોલેશનમાં રહેલા દર્દીઓનું મોનીટરીંગ કરવા તેમજ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી કડકાઈથી કરાવવામાં આવે તેવી સૂચનાઓ પણ તંત્ર દ્વારા આપવામાં આવી છે. ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના કેસોની સંખ્યા ૩૦ નોંધાઈ છે. શહેરમાં કેસોની સંખ્યા વધતાં જ તંત્રની ચિંતા વધી છે. જો કે શહેરમાં આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૧૫ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. આજે પણ મોટીવયના દર્દીઓ સંક્રમિત થયા છે. શહેરમાં આજે સંક્રમિત થનારાઓમાં ગેસ એજન્સી સાથે સંકળાયેલ વ્યક્તી, સરકારના અધિકારી, કમાન્ડો, નાદરી શાળાના શિક્ષિકા, સે. ૨૧ બેંક ઓફ બરોડાના સીની. મેનેજર, જીએસટીના કર્મયોગી, ખાનગી શાળાના એડમીન, ટોરેન્ટ ફાર્માના એક્ઝીક્યુટીવ, ખાનગી શાળાના શિક્ષિકા, સી.આઈ.ડી. ઈન્ટેલીજીન્ટ બ્રાન્ચના કર્મયોગીનો સમાવેશ થાય છે. સે. ૩૦ માંથી ૪ કેસ, સે. ૨૪ અને ૨૬ માંથી ૩-૩ કેસ ઉપરાંત સે. ૨૦, ૨૧, ૬, ૧૨, ૨૭ માંથી બે-બે કેસ તેમજ સે. ૨૫, ધોળાકુવા, સે. ૨૯, સે. ૨, ૧૭, ૪, ૧૫, ૧૩, ૧૨ અને સે. ૮ માંથી કેસ મળી આવેલ છે. શહેરમાં એક્ટીવ કેસની સંખ્યા ૨૫૦ના આંકને પાર કરી ગઈ છે. શહેરમાં કન્ટેનમેન્ટ ઝોનની સંખ્યા પણ વધી જવા પામી છે જે ૨૩૦ થી વધુ હોવાનું જાણવા મળેલ છે. શહેરમાં આજે વધુ ૧૨ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેનાથી તંત્રની ચિંતા અને દોડધામ વધી જવા પામી છે.

### લોકડાઉન જરૂરી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમનુ કહેવુ છે કે, લોકો કોરોના ફેલાઈ રહ્યો હોવા છતા માસ્ક નથી પહેરી રહ્યા અને સોશિયલ ડિસ્ટન્સિંગનુ પાલન પણ નથી કરી રહ્યા. કોરોનાની પહેલી લહેર વખતે રોજના ૭૦૦૦૦ નવા દર્દીઓનો આંકડો પાર કરવામાં દેશમાં ઘણા મહિના લાગી ગયા હતા પણ આ વખતે આપણે બહુ જલ્દી કોરોનાના દર્દીઓની સંખ્યાને વધી રહેલી જોઈ રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, ભારતમાં રવિવારે કોરોનાના ૯૪૦૦૦ જેટલા નવા દર્દીઓ સામે આવ્યા છે. સાથે સાથે એક જ દિવસમાં ૫૯૩ લોકોએ જીવ પણ ગુમાવ્યા છે. આમ મૃતકોની સંખ્યા વધીને ૧.૬૪ લાખ સુધી પહોંચી ચુકી છે. દેશમાં આજે પણ સાત લાખ જેટલા કોરોનાના દર્દીઓની સારવાર ચાલી રહી છે. દેશમાં કોરોનાથી અત્યાર સુધીમાં સૌથી વધારે મોત મહારાષ્ટ્રમાં થયા છે. આ જ રાજ્યમાથી સતત કોરોનાના સૌથી વધુ દર્દીઓ સામે આવી રહ્યા છે.

### કોરોના ગંભીર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તેજીથી વધ્યા છે. બે દિવસમાં ૯૦૦થી વધુ મામલા આવ્યા બાદ આજે લખનઉમાં કોરોનાના એક હજારથી વધુ નવા મામલા સામે આવ્યા છે. જે લખનઉમાં આ વર્ષે એટલે કે ૨૦૨૧માં કોરોનાના નવા મામલાની સૌથી વધુ સંખ્યા છે. યુપીમાં કોરોનાના વધતા મામલાને જોતાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ધોરણ આઠ સુધીની તમામ સરકારી અને ખાનગી શાળાઓને ૧૧ એપ્રિલ સુધી બંધ રાખવાના નિર્દેશ આપ્યા છે.

ગુજરાતમાં પણ કોરોના બેકાબૂ બનતો જઈ રહ્યો છે. હોળી બાદ કોરોનાના કેસમાં ખાસ વધારો જોવા મળ્યો છે. જેને ધ્યાનમાં રાખી ગુજરાત સરકારે પણ તાત્કાલીક ધોરણે શાળાઓ બંધ કરવાનો નિર્ણય લીધો છે. સરકારી અને ખાનગી શાળાઓ ગુજરાતમાં બંધ કરી દેવામાં આવી છે.

### સપૂતો ગુમાવ્યા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અંતર્ગત ૨,૦૦૦ જવાનોને રવાના કરવામાં આવ્યા હતા. પરંતુ શનિવારે નક્સલીઓએ તર્રેમ વિસ્તારની જોનાગુડા પહાડી પાસે ૭૦૦ જવાનોને ઘેરીને તેમના પર હુમલો કરી દીધો હતો. નક્સલીઓ જવાનોને ૩ દિશાથી ઘેરીને તેમના પર ફાયરિંગ કરવા લાગ્યા હતા. આશરે ૩ કલાક ચાલેલી અથડામણમાં ૧૫ નક્સલી ઠાર મરાયા હતા. આ હુમલામાં ૨૨ જવાન શહીદ થયા છે અને ૩૧ કરતા પણ વધારે ઘાયલ જવાનોની સારવાર ચાલી રહી છે. છત્તીસગઢમાં બીજાપુર અને સુકમા જિલ્લાની સરહદ વચ્ચે એક જંગલમાં નક્સલીઓ સાથે શનિવારે થયેલી અથડામણમાં અત્યાર સુધીમાં ૨૨ જવાનો શહીદ થયાના દુઃખદ સમાચાર છે. જ્યારે ૩૧ જવાનો ઘાયલ થયા છે. આ હુમલામાં મૃત્યુઆંક વધે તેવી પણ આશંકા સેવાઈ રહી છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે છત્તીસગઢમાં નક્સલીઓ સાથે અથડામણમાં સુરક્ષાદળોના જવાનો શહીદ થયા બાદ રાજ્યના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલ સાથે રવિવારે વાત કરી અને હાલાતની સમીક્ષા કરી. શાહે સીઆરપીએફના મહાનિદેશક કુલદીપ સિંહને સ્થિતિની સમીક્ષા કરવા માટે છત્તીસગઢ જવાનું કહ્યું છે. તે પહેલા તેમણે ટ્વીટ કરીને ઘાયલ જવાનોના જલદી સ્વસ્થ થવાની કામના કરતા અને શહીદોના પરિવારો પ્રત્યે સંવેદના પ્રગટ કરતા કહ્યું કે છત્તીસગઢમાં નક્સલીઓ સાથે લડતા શહીદ થયેલા આપણા બહાદુર સુરક્ષાકર્મીઓના બલિદાનનું નમન કરું છું. રાષ્ટ્ર તેમની વિરતાને ક્યારેય ભૂલશે નહીં. મારી સંવેદના તેમના પરિવાર સાથે છે. અમે શાંતિ અને પ્રગતિના આ દુશ્મનો વિરુદ્ધ અમારી લડાઈ ચાલુ રાખીશું. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વવાળી સરકારના લગભગ ૬ થી ૭ વર્ષના કાર્યકાળમાં નક્સલીઓએ શનિવારે મોટી ઘટનાને અંજામ આપ્યો. આ નક્સલી હુમલામાં ૨૨ જવાનો શહીદ થઈ ચૂક્યા છે. જ્યારે ૩૧ જવાનો ગંભીર રીતે ઘાયલ થયા છે. એક જવાન હજુ પણ ગૂમ છે. જવાનની શોધમાં હેલિકોપ્ટર અને યુએવી મોકલવામાં આવ્યા છે. સુકમા-બીજાપુર વચ્ચેની સરહદ પર જવાનો અને નક્સલીઓનો સામનો સામનો થયો. અહીંના એક જંગલમાં ગોરનાગુડા-ટેકલગુડાની પહાડીઓ વચ્ચે ૬૦૦થી વધુ નક્સલીઓએ જવાનોને એમ્બુશમાં ફસાવ્યા અને તેમના પર ઘાતક હથિયારોથી હુમલો કર્યો. આ અગાઉ સુરક્ષાદળોને જોનાગુડાની પહાડીઓ પર મોટી સંખ્યામાં નક્સલીઓ ભેગા થયા અને ડેરો જમાવ્યો હોવાની માહિતી મળી હતી.